॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૧૯**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી ક્યા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

૧. અર્થ વિના દંડાય **અણત્થા દંડે** **પ્રતિક્રમણના આઠમા વ્રતમાં**

૨. ભાવથી આપતો થકો **પડિલાભેમાણે** **પ્રતિક્રમણના બારમા વ્રતમાં**

૩. જેટલા પણ **જાવંતિ** **પાંચમા શ્રમણસૂત્રમાં**

૪. ત્રણે કાળની **કાલસ્સ** **ચોથા શ્રમણસૂત્રમાં**

૫. ઝાકળ, ઠાર **ઓસા** **સામાયિકના ત્રીજા પાઠમાં**

**(૨)** સાધુપણાની યાદ અપાવનાર શબ્દ ક્યા છે? **સમણોઽહં, સંજય, વિરય, પડિહય. (૨)**

**(૩) નીચેના વાક્યોમાં ક્યા અતિચાર લાગે તે લખી ક્યા પાઠમાં છે તે લખો. (૩)**

૧. ગજાનનની આરતી ઉતારી હોય. **પરપાસંડ પસંસા** **પ્રતિક્રમણના પાંચમા પાઠમાં**

૨. ગજ પર બેસીને પૂર્વદિશાની મર્યાદા તોડી હોય. **તિરિયદિસિપ્પમાણાઈક્કમે છટ્ઠા વ્રતમાં**

૩. ગજનું કલેવર પડ્યું હોય ત્યાં સ્વાધ્યાય કર્યો હોય. **અસજ્ઝાઈએ સજ્ઝાયં** **પ્રતિક્રમણના ચોથા પાઠમાં**

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૫)**

૧. કર્મસત્તાને કારણે શેની પ્રક્રિયા થાય છે? **ઉદય, ઉદીરણા**

૨. કેવળીને કેટલી પ્રકૃતિનો બંધ હોય? **૧, ૦**

૩. ત્રીજા ગુણસ્થાને કયા આયુષ્યનો અબંધ થાય છે? **મનુષ્યાયુ, દેવાયુ**

૪. કાર્મણ સ્કંધ આત્મપ્રદેશ સાથે કોની જેમ બંધાય છે? **દૂધ, પાણી અથવા લોખંડ, અગ્નિ**

૫. સત્તા યોગ્ય પ્રકૃતિ કેટલી છે? **૧૪૮, ૧૫૮**

**(૨) નીચેની પ્રકૃતિનો બંધ ક્યાં સુધી? બંધ વિચ્છેદ ક્યારે?** **(૫)**

| | બંધ | બંધ વિચ્છેદ |
|---|---|---|
| ૧. અશાતા વેદનીય | **૧ થી ૬ ગુણસ્થાન સુધી** | **૬ ટ્ઠા ગુણસ્થાનના છેડે** |
| ૨. નિદ્રા નિદ્રા | **૧ લા, ૨ જા ગુણસ્થાને** | **૨ જા ગુણસ્થાનના છેડે** |
| ૩. દેવાનુપૂર્વી | **૧ થી ૮/૬ ગુણસ્થાન સુધી** | **૮/૬ ટ્ઠા ગુણસ્થાનના છેડે** |
| ૪. સંજવલન માયા | **૧ થી ૯/૪ ભાગ સુધી** | **૯/૪ થા ગુણસ્થાનના છેડે** |
| ૫. સમકિત મોહનીય | **સમકિત મોહનીયનો બંધ ન થાય** | |

**(૫)**

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે અયોગ્ય વિકલ્પ પર ટીક કરો.**

૧. આ લોક કેવો છે? (**અવિવેકી,** અવિનયી, અજ્ઞાની)

૨. પુરુષ કેવો છે? (લોકવાદી, **અક્રિયાવાદી,** કર્મવાદી)

૩. ઉચ્ચ ગોત્રની શું ન કરે? (ઈચ્છા, **આસક્તિ,** સ્પૃહા)

૪. કર્મ આવવાનું કારણોનું છેદન તે કોણ છે? (નિષ્કર્મદર્શી, **કર્મદર્શી,** મોક્ષદર્શી)

૫. અણગાર કોણ છે? (અમાયી, કપટરહિત, **ઋજુ**)

**(૧૦)**

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. દેશકથાના માત્ર નામ લખો. **૧) દેશવિધિ કથા ૨) દેશવિકલ્પ કથા ૩) દેશછંદ કથા ૪) દેશનેપથ્ય કથા.**

૨. દેવ સન્નિપાત એટલે શું? **દેવોનું એક જગ્યાએ એકત્ર થવું.**

૩. મિત્ર સમાન શ્રમણોપાસક કેવા હોય? **સાધુઓના દોષ ઢાંકવાવાળા અને ગુણોના પ્રકાશ કરવાવાળા.**

૪. અર્ધ ભરત પ્રમાણ કેટલા યોજનનું છે? **૨૬૩ યોજનથી કાંઈ વધારે.**

૫. ચોથી સુખશય્યામાં કઈ વેદનાને સહન કરવાની છે? બે શબ્દમાં લખો. **આભ્યુગમિક, ઔપક્રમિકી.**

૬. ચાર પ્રકારના પુરુષોમાં બીજા અને ચોથાનું ઉદા. બે શબ્દમાં લખો. **કંડરિક રાજા, સોમાચાર્ય.**

૭. શ્રમણોપાસક શું અંગીકાર કરે છે? **૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, અન્ય ત્યાગ પચ્ચક્ખાણ, પૌષધોપવાસ.**

૮. ચાતુર્યામ એટલે શું? **ચાર મહાવ્રતરૂપ ધર્મ.**

૯. તપસ્વી ...... રૂપ ...... તપ કરનારા હોય છે. **શુભધ્યાન, આભ્યંતર.**

૧૦. મહાવેદના એટલે કઈ વેદના? એક શબ્દમાં લખો. **ક્ષેત્રવેદના.**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. મોહનગૃહ એટલે શું? **મોહ ઉત્પન્ન કરનારું અતિશય રમણીય ઘર.**

૨. વર્ષધર એટલે શું? **રાણીવાસના રક્ષક નપુંસક કંચુકી.**

૩. મલ્લિકુમારીએ મનમાં શું ધારણા કરી? **એક વર્ષના અંતે હું દીક્ષા ગ્રહણ કરીશ.**

૪. અભિચંદ્રનો જીવ કોણ બન્યો? **કાશીદેશના શંખ નામના રાજારૂપે ઉત્પન્ન થયો.**

૫. સ્ત્રીનામ ગોત્ર એટલે શું?

**સ્ત્રી શરીર પ્રાપ્ત થાય તેવું શરીરનામ કર્મ અને સ્ત્રીરૂપે પ્રસિદ્ધ થવાય તેવું ગોત્ર.**

૬. ચોક્ષા પરિવ્રાજકના મનમાં કેવા ભાવ ઉત્પન્ન થયા? ત્રણ શબ્દમાં લખો. **શંકા, કંખા, વિતિગિચ્છા.**

૭. ચિત્ર લબ્ધિ એટલે શું? **અસાધારણ શક્તિ.**

૮. ગણિમ એટલે કઈ વસ્તુઓ? **નારિયેળ, સોપારી વગેરે ગણીને ક્રય-વિક્રય કરવા યોગ્ય ગણિમ વસ્તુઓ.**

૯. શેમાં આસક્તિ નથી કરવાની? **મનુષ્યસંબંધી કામભોગમાં.**

૧૦. મલ્લિનાથ ભગવાનનું કેવળી પર્યાયનું આયુષ્ય કેટલા વર્ષનું હતું? આંકડામાં લખો. **૫૪૯૦૦.**

**અથવા**

**પ્ર.૪ નિરયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. કાલકુમાર કઈ નરકની કઈ પૃથ્વીમાં ઉત્પન્ન થયા છે? **પંકપ્રભા, હેમાલ**

૨. ચેલણા કેવા શરીરવાળી થઈ ગઈ? **જીર્ણ, શીર્ણ**

૩. ચેલણા રાણીના પુત્રના નામ લખો. **કોણિક, વેહલ્લ**

૪. શ્રેણિકે વેહલ્લ કુમારને શું આપ્યું? **હાર, હાથી**

૫. ચેટક રાજાએ કોને આમંત્રિત કર્યા? **નવ મલ્લવી, નવ લિચ્છવી**

૬. કોણિક રાજાએ કયા વ્યૂહની રચના કરી કયો સંગ્રામ કરવા લાગી? **ગરુડ, રથમુસલ**

૭. કાલી રાણીએ શ્રમણ ભગવાન મહાવીરને શું કર્યું? **વંદન, નમસ્કાર**

૮. શ્રેણિકની રાણીના નામ લખો. **ચેલણા, કાલી**

૯. ચેલણા શેના વિવેકથી રહિત હતા? **કર્તવ્ય, અકર્તવ્ય**

૧૦. શ્રેણિક કોણિકનું શું ચૂસતાં હતા? **પરુ, રક્ત**

(૨૦)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો.** **(૧૦)**

૧. ચૂલણીપિતાના શરીર પર ...... અને ...... સિંચન કર્યું. **રક્ત, માંસ**

૨. ચૂલણીપિતાની માતાનું નામ ...... અને પત્નીનું નામ ...... હતું. **ભદ્રા, શામા**

૩. તમારા ......, ...... અને ...... થયા છે. **વ્રત, નિયમ, પૌષધ**

૪. ચૂલણીપિતા ...... દેવલોકના ...... મહાવિમાનના ...... કોણમાં ...... વિમાનમાં ...... ઉત્પન્ન થયા.

**સૌધર્મ, વતંસક, ઈશાન, અરુણપ્રભ, દેવરૂપે**

૫. જેનાથી તું ...... અને ...... ...... થી પીડિત થયો. **આર્તધ્યાન, વિકટ દુઃખ**

૬. પુરુષ નિશ્ચય જ ...... ......, ...... પાપ કરવાવાળો છે. **અનાર્ય બુદ્ધિવાળો, નીચતાપૂર્ણ**

૭. ચૂલણીપિતા પહેલાની જેમ જ ...... અને ...... માં સ્થિર રહ્યા. **નીડર, ધર્મધ્યાન**

**(આ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે લખો.** **(૧૦)**

૧. મુનિઓ કયા કુળમાં ભિક્ષા માટે ગયા? (૩) **ઉચ્ચ, નીચ, મધ્યમ**

૨. દેવકીના પુત્રો શેમાં સમાન હતા? (૩) **આકૃતિ, વય, કાંતિ/આકાર, રૂપ, વય**

૩. દેવકીએ ભગવાનને ત્રણવાર શું કર્યું? (૪) **આદક્ષિણા, પ્રદક્ષિણા, વંદન, નમસ્કાર**

૪. શરીર શેનાથી પરિપૂર્ણ છે? (૩) **મળ, મૂત્ર, પિત્ત**

૫. કૃષ્ણ વાસુદેવે માતાને કેવા વચનો કીધા? (૩) **ઈષ્ટ, મનોહર, મનાનુકૂળ/અભિલાષિત, પ્રિય, મધુર**

૬. આ શરીર શેનો ભંડાર છે? (૪) **પિત્ત, કફ, શુક્ર, શોણિત**

(૧૫)

**પ્ર.૬ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૯)**

૧. લજ્જા **દયા સંજમ બંભચેરં, કલ્લાણભાગિસ્સ વિસોહિઠાણં ।**

**જે મે ગુરુ સયયમણુસાસયંતિ, તેऽહં ગુરૂં સયયં** પૂયયામિ ॥

**અર્થ : અધર્મ પ્રત્યે દયા–અનુકંપા, સંયમ અને બ્રહ્મચર્ય આ ચારે પોતાના આત્માનું કલ્યાણ ઈચ્છનાર મુનિને માટે વિશુદ્ધિના સ્થાન છે, તેથી શિષ્યએ એવી ભાવના રાખવી જોઈએ કે ગુરુ મહારાજ મને હંમેશાં હિતશિક્ષા આપે છે, તે ગુરુદેવની હું હંમેશાં વિનયભક્તિ કરું.**

૨. સુયં મે **આઉસં તેણં ભગવયા એવમકખાયં ઈહ ખલુ થેરેહિં ભગવંતેહિં ચત્તારિ વિણયસમાહિટ્ઠાણા** પણત્તા।

**અર્થ : શ્રી સુધર્મા સ્વામી પોતાના શિષ્ય જંબૂ સ્વામીને કહે છે હે આયુષ્યમાન જંબૂ ! શ્રમણ ભગ. મહાવીર સ્વામીએ આ રીતે ફરમાવ્યું છે તે સાંભળ્યું છે, જેમ કે નિશ્ચયથી આ જૈન સિદ્ધાંતમાં સ્થવિર ભગવંતોએ વિનય સમાધિસ્થાનના ચાર ભેદ બતાવ્યા છે.**

૩. વિવિહ **ગુણ તવોરએ ય ણિચ્ચં, ભવઈ ણિરાસએ ણિજ્જરટ્ઠિએ ।**

**તવસા ધુણઈ પુરાણપાવગં, જુત્તો સયા તવ** સમાહિએ ॥

**અર્થ : મોક્ષાભિલાષી મુનિએ હંમેશા તપ સમાધિમાં જોડાયેલા રહેવું જોઇએ તેમ જ સતત વિવિધ ગુણયુક્ત તપમાં સંલગ્ન રહીને, આ લોક અને પરલોકના સુખોની આશા રાખ્યા વિના એકાંત કર્મનિર્જરા માટે તપ કરવું, આ પ્રકારના તપથી તે પૂર્વસંચિત પાપકર્મોનો નાશ થાય છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૬)**

૧. શેનું અભિમાન કરનારને મોક્ષ મળતો નથી? **બુદ્ધિ અને ઋદ્ધિ**

૨. આચાર્યની સેવા કરે છે તે કેવી રીતે વધે છે? **પાણીથી સિંચેલા વૃક્ષની જેમ પ્રતિદિન વધે છે.**

૩. કઠોર વચનો કેવા છે? **કાનમાં બાણની જેમ વાગનાર.**

૪. આહાર કોને ત્યાંથી લેવાનો છે? **અજ્ઞાતકુળમાંથી.**

૫. વૃક્ષમાંથી શું ઉત્પન્ન થાય છે? **ફૂળ, ફળ અને રસ ઉત્પન્ન થાય છે.**

૬. વિનયવંત શિષ્યને આ લોકમાં શું પ્રાપ્ત થાય છે? **કીર્તિ, શ્રુતજ્ઞાન અને પ્રશંસાની પ્રાપ્તિ થાય છે.**

**(૧૦)**

**પ્ર.૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. દયાધર્મના કેટલા ભેદ છે? ભેદના માત્ર નામ લખો. **(૨×૩)**

**૮, સ્વ દયા, પર દયા, દ્રવ્ય દયા, ભાવ દયા, વ્યવહાર દયા, નિશ્ચય દયા, સ્વરૂપ દયા, અનુબંધ દયા.**

૨. સુદક્ખુ જાગરિકા એટલે શું? સમજાવો. **સુ કહેતા ભલી અને દક્ખુ કહેતા ચતુરાઈવાળી જાગરિકા. એ જાગરિકા શ્રાવકને હોય છે કેમ કે સમ્યગ્ જ્ઞાન–દર્શન સહિત ધન–કુટુંબાદિક તથા વિષય–કષાયને ખોટા જાણે છે, દેશથી નિવર્ત્યા છે, ઉદયભાવથી ઉદાસીનપણે રહે છે, ૩ મનોરથ ચિંતવે છે, તે સુદક્ખુ જાગરિકા જાણવી.**

૩. નીચેનામાં કયા આચાર લાભે? તે લખો.

૧) દર્શનાચારમાં ઉધમ કરે. **વીર્યાચાર** ૨) અક્ષર શુદ્ધ ભણે. **જ્ઞાનાચાર**

૩) પોતાના ધર્મની પ્રસંશા કરે. **દર્શનાચાર** ૪) વિગયનો ત્યાગ કરવો. **તપાચાર**

૪. યોગ આત્મા કોને કહેવાય? ............ **(૧×૪)**

**યોગ આત્મા એટલે જ્યારે આત્મા મન, વચન, કાયાનો વેપાર કરે છે.**

પ. કષાય અને દર્શન આત્મામાં કોણ વધારે અને કોણ ઓછા? કેટલા વધારે?

**કષાય આત્મા ઓછા અને દર્શન આત્મા વધારે. વિશેષાધિક.**

પ. સિદ્ધમાં કયા કયા આત્મા હોય? **દ્રવ્ય આત્મા, જ્ઞાન આત્મા, દર્શન આત્મા, ઉપયોગ આત્મા.**

૭. છદ્મસ્થ યોગ આત્મામાં કેટલા અને કયા ગુણસ્થાન હોય? **૧૨, તે ૧ થી ૧૨ ગુણસ્થાન.**

(૧૦)

**પ્ર.૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સમુદ્ઘાત અને સ્વસ્થાન એટલે શું? **સ્વસ્થાન એટલે શરીરસ્થ રહેવું.**

**સમુદ્ઘાત એટલે આત્મપ્રદેશોમાં વેદના આદિ પ્રબળતાથી વિશેષ પ્રકારનું સ્પંદન.**

૨. સચેત આદિ યોનિનો અલ્પબહુત્વ લખો.

**સર્વથી થોડા મિશ્રયોનિયા, તેથી અચેતયોનિયા અસંખ્યાતગુણા, તેથી અયોનિયા અનંતગુણા, તેથી સચેત યોનિયા અનંતગુણા.**

૩. જેનો ઉપપાત સંપૂર્ણ લોકમાં હોય તેનું સ્વસ્થાન ક્યાં હોય? તેમાં જીવના ભેદ લખો.

**જેનો ઉપપાત સંપૂર્ણ લોકમાં હોય તેનું સ્વસ્થાન સંપૂર્ણ લોકમાં, લોકના અસં.મા ભાગમાં, લોકના ઘણા અસં.મા ભાગમાં હોય. તેમાં જીવના ભેદ ૧૫ તે ૫ સૂક્ષ્મના અપર્યા. પર્યા., બાદર પૃથ્વી, પાણી, વન. ના અપર્યા., અપર્યાપ્તા બાદર વાઉકાય, પર્યાપ્તા બાદર વનસ્પતિકાય.**

૪. જેનું સ્વસ્થાન લોકના ઘણા અસંખ્યાતમા ભાગમાં હોય તેની સમુદ્ઘાત ક્યાં હોય? તેમાં જીવના ભેદ લખો.

**જેનું સ્વસ્થાન લોકના ઘણા અસંખ્યાતમા ભાગમાં હોય તેની સમુદ્ઘાત સંપૂર્ણ લોકમાં, લોકના ઘણા અસંખ્યાતમા ભાગમાં હોય. તેમાં જીવના ભેદ ૨ તે અપર્યાપ્તા બાદર વાઉકાય, પર્યાપ્તા બાદર વાઉકાય.**

પ. યોગ્ય વિકલ્પ પર ટીક કરો.

૧) તમસ્તમપ્રભામાં યોનિ (સચેત, મિશ્ર, **અચેત**)

૨) વીર્યમાં ઉત્પન્ન થતા જીવને યોનિ (**વિયડા**, સંવુડા, સંવુડાવિયડા)

૩) ભરતની સ્ત્રીરત્નને યોનિ (**શંખાવર્ત**, કર્મોન્નત, વંશપત્તા)

૪) ચકમકના જીવને યોનિ (શીત, **ઉષ્ણ**, શીતોષ્ણ)

**જય – જિનેન્દ્ર**

- PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.
- TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.